# એનસીસી વિભાગની પ્રવૃત્તિ અંગેનો અહેવાલ

## (વર્ષ 2020-21 પ્રથમ સત્ર)

NCC વિશ્વનું સૌથી મોટું યુનિફોર્મ સ્ટુડન્ટ ઓર્ગેનાઈઝેશન છે અને આપણી કોલેજ પણ આ ઓર્ગેનાઇઝેશનનો ભાગ છે. NCCમાં લશ્કરી તાલીમની સાથે સોશિયલ એક્ટિવિટી પણ કરવામાં આવે છે. NCCનો મુખ્ય હેતુ કેડેટ્સમાં CHARACTER, DISCIPLINE, LEADERSHIP, SPIRIT OF ADVENTURE વગેરે જેવા ગુણો DEVELOP કરવા, એવું HUMAN RESOURSE CREATE કરવું કે જે ORGANISED, TRAINED AND MOTIVATED હોય અને કોઈ પણ પરિસ્થિતિમાં દેશની સેવા કરવા ઉપલબ્ધ હોય તથા કેડેટ્સ ARMED FORCESમાં જોડવા માટે પ્રેરાય તે માટે યોગ્ય વાતાવરણ PROVIDE કરવું. “NATION FIRST” એ NCCનો મંત્ર છે. આવા ઉમદા હેતુને સાચા અર્થમાં ચરિતાર્થ કરતી પ્રવૃત્તિઓ શૈક્ષણિક વર્ષ 2020-21ના પ્રથમ સત્ર દરમિયાન ગુજરાત કોલેજના NCC વિભાગ દ્વારા કરવામાં આવેલ હતી.

## કોરોના વોરિયર્સ તરીકે ફરજ

માર્ચ,2020ની શરૂઆતમાં જ જ્યારે સમગ્ર દેશ કોરોનાના કારણે LOCKDOWNની પરિસ્થિતિમાં હતો ત્યારે આપણી કોલેજના એનસીસી કેડેટ્સ ભારતના વિવિધ વિસ્તારોમાં કોરોના વોરિયર્સ તરીકે ફરજ નિભાવતા હતા. LOCKDOWN નિયમોના પાલન માટે પોલીસને મદદ કરવી, લોકોમાં COVID પ્રોટોકોલ અંગે જાગૃતતા કેળવવી, SOCIAL DISTANCEના પાલન અંગે જાગૃતતા કેળવવી, આરોગ્ય સેતુ એપ અંગે જાગૃતતા કેળવવી, માસ્ક વિતરણ વગેરે ફરજો LOCKDOWN દરમિયાન કોલેજના એનસીસી કેડેટ્સ દ્વારા નિભાવવામાં આવી હતી. માર્ચ-2020માં જ્યારે ભારત સરકાર દ્વારા DG NCC- NEW DELHI મારફત કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવવા માટે એનસીસી કેડેટ્સના નામોની યાદી મંગાવવામાં આવી હતી ત્યારે આપણી કોલેજ માટે ગર્વની વાત છે કે કોલેજના 30 એનસીસી કેડેટ્સે સ્વૈચ્છિક રીતે આ ફરજ બજાવવા માટે સંમતિ આપી હતી.

## બ્લડ ડોનેશન કેમ્પ

તારીખ 26 જુલાઈ 2020 ના રોજ કારગીલ વિજય દિવસની યાદગીરી રૂપે 1 GIRLS BN NCC દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં કોલેજના 10 NCC કેડેટ્સે રક્તદાન કર્યું હતું. આ બ્લોગનો ઉપયોગ માતૃભૂમિની રક્ષા કરતા વીર જવાનો માટે કરવામાં આવે છે અને કોલેજનું ગૌરવ છે કે આપણા NCC કેડેટ્સનું લોહી દેશના વીર જવાનોના શરીરમાં વહે છે.

## TREE PLANTATION

કોલેજના એનસીસી કેડેટ્સ દ્વારા તારીખ 13 જુલાઈ થી 26 જુલાઈ સુધી પોતાના ઘરની આસપાસ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરેલું હતું પ્રવર્તમાન સમયમાં પ્રદૂષણ એક ગંભીર સમસ્યા છે અને આ સમસ્યાના નિવારણ માટે અને પર્યાવરણની જાળવણી માટે એનસીસી કેડેટ્સ દ્વારા કરવામાં આવેલું કાર્ય સરાહનીય છે.

## આત્મનિર્ભર ભારત અવેરનેસ કેમ્પેઇન

માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. 1 GUJARAT BN NCC દ્વારા તારીખ 1 ઓગસ્ટ થી 15 ઓગસ્ટ દરમિયાન સોશિયલ મીડિયાના માધ્યમથી ઓનલાઇન આત્મનિર્ભર ભારત અવેરનેસ કેમ્પેઇન ચલાવવામાં આવેલું હતું. દેશના લોકોમાં આત્મનિર્ભરતા અંગે જાગૃતિ ફેલાય તે માટે FACEBOOK, WHATSAPP વગેરે જેવા સોશિયલ મીડિયાના માધ્યમથી આપણી કોલેજના NCC કેડેટ્સે પણ સક્રિય ભૂમિકા ભજવેલ હતી.

## FIT INDIA CAMPAIGN

વર્ષ 2017માં માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા FIT INDIA MOVEMENTની શરૂઆત કરવામાં આવી હતી અને ત્યારથી દર વર્ષે NCC GUJARAT DIRECTORATE દ્વારા FIT INDIA CAMPAIGN ચલાવવામાં આવે છે. આજના સમયમાં કોરોના જેવા ગંભીર રોગ સામે રક્ષણ માટે રોગ પ્રતિકારક શક્તિ વધારવી ખૂબ જ જરૂરી છે. વર્ષ 2020-21માં પણ તારીખ 15 ઓગસ્ટ થી 14 સપ્ટેમ્બર દરમિયાન FIT INDIA CAMPAIGN ચલાવવામાં આવ્યું હતું. કોલેજના તમામ NCC કેડેટ્સે લોકોમાં ફિટનેસ અંગે જાગૃતિ ફેલાય તે માટે પ્રયત્નો કર્યા હતા.

## FIT INDIA FREEDOM RUN

તારીખ 23 ઓગસ્ટ 2020 ના રોજ 1 GIRLS BN NCC દ્વારા FIT INDIA FREEDOM RUNનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પણ કોલેજના તમામ NCC કેડેટ્સે ભાગ લીધો હતો.

## સ્વચ્છ ભારત અભિયાન

તારીખ 2 ઓક્ટોબર, 2020ના રોજ પૂજ્ય બાપુના જન્મદિન નિમિત્તે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કોલેજના તમામ NCC કેડેટ્સે પોતાના ઘર અને આસપાસના બાગ બગીચાઓ અને જાહેર સ્થળોની સફાઈ કામગીરી કરેલ હતી

## ONLINE LECTURE SERIES

JULY 2020 થી DG NCC-NEW DELHI દ્વારા ONLINE LECTURE SERIESનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા NCC કેડેટ્સને ઉપયોગી માર્ગદર્શન અપાય છે. આજ સુધીમાં JOB INTERVIEW, HOW TO BE YOUR BEST, SSB OLQS વગેરે જેવા વિષયને લગતા આ સિરીઝના 12 એપિસોડ પૂર્ણ થયેલ છે તેમાં પણ કોલેજના NCC કેડેટ્સ માર્ગદર્શન મેળવે છે.

## ACHEIVEMENTS

- વર્ષ 2020ના પ્રજાસતાક પર્વ નિમિત્તે રાજપથ-ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ પરેડમાં કોલેજની એનસીસી કેડેટ ભૂમિકા રામે રાજપથ પરેડમાં ભાગ લઇ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને કોલેજને ગૌરવ અપાવ્યું હતું.
- આ ઉપરાંત જાન્યુઆરી-2021માં યોજાનાર RDC CAMP અંતર્ગત INTER GROUP COMPITITIONમાં પણ પ્રથમ વખત કોલેજના પાંચ NCC કેડેટ્સ સીમા રાજખોવા, કાજલ શર્મા, હર્ષવર્ધન જાદવ, જય વ્યાસ અને રાજેન્દ્ર રાજપુરોહિત પસંદગી પામી અને કોલેજને ગૌરવ પ્રદાન કરેલ છે.
- કોલેજની એનસીસી કેડેટ સીમા રાજખોવા "INTER GROUP FIRING COMPITITION"માં પસંદગી પામી કોલેજનું ગૌરવ વધારેલ હતું.
- GUJARAT DIRECTORATE અને KERALA DIRECTORATEના સંયુક્ત ઉપક્રમે તારીખ 24 થી 29 સપ્ટેમ્બર દરમિયાન "એક ભારત શ્રેષ્ઠ ભારત" કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેડેટ રુચિકાએ NCC અમદાવાદ ગ્રુપનું પ્રતિનિધિત્વ કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું.

લેફ્ટનન્ટ વિનોદ મોવલિયા
ANO, 1 GUJ BN NCC
અમદાવાદ

આચાર્યશ્રી
ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ(સાંજની)
અમદાવાદ

# ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ (સાંજની), અમદાવાદ

## એન.સી.સી. અર્ધવાર્ષિક અહેવાલ – 2021

સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે;
યા હોમ કરીને પડો ફતેહ છે આગે...

કવિ નર્મદની આ પ્રેરણાદાયી કવિતા કોરોનાના આ કપરા કાળમાં વધુ મહેનતથી કામ કરવા પ્રેરે છે. કોરોના સામે જંગ જીતવા આવી જ બાબતોમાંથી પ્રેરણા લઇ કૉલેજનો NCC વિભાગ પોતાનું સામાજિક દાયિત્વ નિભાવી રહ્યો છે. વર્ષ 2020-21ના બીજા સત્ર દરમિયાન  કૉલેજના NCC વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીનો અહેવાલ આ મુજબ છે.

### રિપબ્લિક ડે કેમ્પ(RDC)

RDC એ NCCનો સૌથી મહત્વનો કેમ્પ છે. જે દર વર્ષે પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે 01 થી 29 જાન્યુઆરી દરમિયાન Garrison Parade Ground, Delhi Cantt. ખાતે યોજવામાં આવે છે. RDC કેમ્પમાં સમગ્ર ભારતના 17 NCC ડાયરેક્ટરેટના પસંદગી પામેલ NCC કેડેટ્સ ભાગ લે છે. આ કેમ્પનું ઉદ્ઘાટન ભારતના ઉપરાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. આ કેમ્પ દરમિયાન NCC કેડેટ્સને ભારતના વડાપ્રધાન, રક્ષામંત્રી, દિલ્હીના મુખ્યમંત્રી, ત્રણેય સેનાના વડા, કેબિનેટ મિનિસ્ટર વગેરેની મુલાકાત  લેવાની તક મળે છે.



કેમ્પ દરમિયાન PM RALLY, FLAG AREA, RAJPATH PARADE, CULTURAL વગેરે ઇવેન્ટ યોજવામાં આવે છે. વર્ષ 2021ના RDC કેમ્પમાં **અત્રેની કૉલેજના ત્રણ NCC કેડેટ્સ સીમા રાજખોવા, હર્ષવર્ધન જાધવ અને જય વ્યાસે ભાગ લીધો હતો. તેમજ 26મી જાન્યુઆરી 2021માં પ્રજાસત્તાક દિન નિમિતે રાજપથ ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ પરેડમાં પણ કૉલેજના ત્રણેય કેડેટ્સ સામેલ થઇ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલું હતું અને કૉલેજને ગૌરવ અપાવ્યું હતું.**



## પ્રજાસત્તાક પર્વની ઉજવણી

અત્રેની સંસ્થાના પરીસરમાં તા.26/01/2021ના રોજ ભારતના 72માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામા આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે પરેડ યોજવામાં આવેલ હતી તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.સી.સી વિભાગના તમામ કેડ્ટસે ઉત્સાહભેર ભાગ લીધેલ હતો અને આ કાર્યક્રમને સફળ બનાવી દેશ પ્રત્યેની પોતાની ભાવના વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમને અંતે અલ્પાહાર લઇ સૌ છુટા પડ્યા હતા.



## એક ભારત શ્રેષ્ઠ ભારત કેમ્પ

એક ભારત શ્રેષ્ઠ ભારત કેમ્પ એ રાષ્ટ્રીય કક્ષાનો કેમ્પ છે. આ વર્ષે આવા બે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પૈકી પ્રથમ કેમ્પની શરૂઆત તા.10/03/2021 થી તા.16/03/2021 સુધી અને બીજો કેમ્પ તા.12/04/2021થી તા.18/04/2021 સુધી યોજાયેલ હતો. આ કેમ્પના આયોજનનો મૂળ હેતુ એન.સી.સીના સહભાગી કેડેટ્સમાં એકતા અને અનુશાસનની ભાવના તેમજ રાષ્ટ્રવાદની ભાવના જગાવવાનો હતો. આ કેમ્પમાં પૂર્વોત્તર ભારત(નાગાલેન્ડ)ના NCC કેડેટ્સ અને ગુજરાતના NCC કેડેટ્સ એમ બંને મળીને કુલ 200 કેડેટ્સે ભાગ લઇ વિવિધતામાં એકતાની ઝાંખી કરાવી હતી.




## સરદાર પટેલ ટ્રેકિંગ કેમ્પ

ગુજરાત NCC નિદેશાલય દ્વારા કેવડીયા ખાતે રાષ્ટ્રીયકક્ષાના સરદાર પટેલ ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભરમાંથી 100 જેટલા એનસીસી કેડેટ્સે ભાગ લીધો હતો. અત્રેની કોલેજના 02 એનસીસી કેડેટ્સ પણ આ કેમ્પમાં જોડાયા હતા.

આ કેમ્પનો પ્રારંભ એનસીસીના વિવિધ અધિકારીઓકર્મચારીઓ તેમજ એનસીસીના દેશભ-રના કેડેટ્સની વિશાળ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. સમગ્ર દેશના કુલ -17 એનડાયરેક્ટોરેટ અને દેશના વિવિધ .સી.સી. રાજ્યોમાંથી અંદાજે100 જેટલા એનસીસી કેડેટ્સ આ સરદાર પટેલ નર્મદા ટ્રેકિંગ કેમ્પમાં જોડાયા છે .

આ કેમ્પના પ્રથમ દિવસે NCC કેડેટ્સ શુલપાણેશ્વર વન્યપ્રાણી અભ્યારણમાં સાતપુડાની પર્વતમાળાઓ વચ્ચે જંગલમાં એક રાત વિતાવવાની વાસ્તવિક અનુભૂતિ મેળવી હતી. કરજણ ડેમના કેચમેન્ટ વિસ્તારોની આજુબાજુના કુદરતી વસવાટ વચ્ચે કેડેટસ બીજા દિવસે કરજણ બેકવોટર્સના વોટરફ્રન્ટ સાથે બેઝ કેમ્પ તરફ પાછા ફર્યા હતાંત્યારબાદ કેવડીયામાં સ્ટેચ્યુ ઓફ . યુનિટી, સરદાર સરોવર નર્મદા ડેમ અને વેલી ઓફ ફલાવર્સની મુલાકાત પણ લીધેલ હતી.



## કમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેનીંગ કેમ્પ

ગુજરાત ડાયરેક્ટરેટ દ્વારા દર વર્ષે CATC કેમ્પનું આયોજન કરવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે કોરોનાની પરિસ્થિતીને ધ્યાનમાં રાખી માત્ર બે કેમ્પ યોજવામાં આવ્યાં હતાં. જે પૈકી પ્રથમ કેમ્પ તા.06/03/2021 થી તા.10/03/2021 સુધી અને બીજો કેમ્પ તા.11/03/2021 થી તા.14/03/2021 સુધી યોજાયેલો હતો. આ કેમ્પમાં અત્રેની સંસ્થાના એન.સી.સી વિભાગનાં 58 કેડ્ટસે ભાગ લીધો હતો. આ કેમ્પની દિનચર્યા અનુસાર યોગ અને વ્યાયામ, પરેડ, કારકિર્દી માર્ગદર્શન, વ્યક્તિત્વ વિકાસ, પ્રત્યાયન કૌશલ્ય, સમય પ્રબંધન, તણાવ મૂક્તિ અંગેના સેમિનાર વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફાયરીંગ, મેપ રીંડીગ, બાસ્કેટ બોલ, વોલીબોલ જેવી રમતો/પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવેલ હતું. કેમ્પ પૂર્ણ થવાની આગલી સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ હતું.



**લેફ્ટનન્ટ વિનોદ મોવલિયા**
**ANO, 1 GUJ BN NCC**
**અમદાવાદ**

**આચાર્ય**
**ગુજરાત આર્ટ્સ અને કોમર્સ કૉલેજ(સાંજની)**
**અમદાવાદ**

**સૌજન્ય**

**ડૉ. આનંદ આચાર્ય**

**ડૉ. ભાવિન પરમાર**